<u>ફોજદારી કેસ નં.૩૮૯૮૫/૨૦૨૪</u>

**અમદાવાદ (રુરલ)ના પાંચમા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં**

**આંક –**

ફરીયાદી : શ્રી સ ર કા ર

વિ રૂ ધ્ધ.

આરોપીઓ : (૧) અજય સ/ઓ જયેશભાઈ દંતાણી,
(૨) વિશાલ જયેશભાઈ ઠાકોર.

**<u>ગુન્હો : ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી, ૬૫(એ)(એ), ૮૧ મુજબ</u>**

(૧) ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી, ૬૫(એ)(એ), ૮૧ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે આ કામના આરોપીઓએ ચાર્જશીટમાં જણાવેલ સ્થળે અને સમયે અને તારીખે જાહેરમાં વગર પાસ પરમીટે ૧૧ લીટર દેશી દારૂ મત્તાનો પોતાના કબજામાં રાખી, મળી આવી, પકડાઈ જઈ, ગુનો કરેલ હોવાની ફરીયાદ અન્વયે તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો ગુનો બન્યાનું જણાઈ આવતા તેના વિરુધ્ધ હાલનું ચાર્જશીટ થયેલ છે.

(૩) આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આરોપીઓ આજરોજ કોર્ટમાં હાજર થતા તેઓની પ્લી લેવામાં આવતા તેમાં તેઓએ ગુન્હાનો ઈકરાર કરેલો છે અને તેઓએ અલગ કબુલાત પુરશીશ રજુ કરતા નોંધી, તે વંચાણે લેતાં આરોપીઓએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

(૪) આરોપીઓની સ્વૈચ્છાપૂર્વકની ગુન્હાની કબુલાત ધ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીઓએ સદરહુ ગુન્હો કરેલ છે તેમ હું ઠરાવુ છું અને આરોપીઓની આર્થીક અને સામાજીક પરિસ્થિતી ધ્યાને લેતા તેમજ પ્રથમવાર ગુન્હો કરેલ હોય અને દયાની માંગણી કરતો હોય તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

: હુકમ:

૧) આરોપીઓને ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી, ૬૫(એ)(એ), ૮૧ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપી દિઠ રૂા.૧૦૦/–(એક સો રૂપીયા પુરા). આમ, કુલ ૨ આરોપી લેખે ( રૂા.૧૦૦×૨ આરોપી)= ૨૦૦/–નો દંડ અને દંડ ન ભરે તો વિકલ્પે ૧ દિવસની સાદી કેદની સજા ફરમાવું છું.

૨) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ દેશી દારૂનો નિયમાનુસાર અપીલ સમય પુર્ણ થયેલી નાશ કરવો.

આજ તારીખ–૧૪–મી, માહે–ડિસેમ્બર, સને–૨૦૨૪ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૧૨/૨૦૨૪
સ્થળ:– નવરંગપુરા,અમદાવાદ

(ડી.એમ.બાવીશી)
પાંચમા એડી.જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય) નવરંગપુરા
UIC NO GJ 01380

જી.એસ. મકવાણા